# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-07-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## જન સુરક્ષા સંતૃપ્તિ -:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનની શરૂઆત કરાવી હતી. કેન્દ્ર સરકારના નાણાં વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની નાણાંકીય યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા આ અભિયાન દેશભરમાં ૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર સુધી યોજાશે.

અભિયાન હેઠળ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પુખ્ત વયના લોકો માટે જન ધન ખાતા ખોલાવવા, હાલના જન ધન ખાતાઓ માટે ફરીથી KYC પૂર્ણ કરવું અને ડીજીટલ છેતરપિંડી જેવા વિષયોને આવરી લેવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વીમા સુરક્ષા યોજનાના લાભાર્થીઓને બે લાખ રૂપિયાનાં મૃત્યુ સહાય ચેક અને જનધન યોજનાની પાસબુકનું વિતરણ કર્યું હતું.

----------------------------------------------------------------------------------------------------

## આરોગ્ય સમીક્ષા કેન્દ્ર:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આજે ગાંધીનગરમાં આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કેન્દ્રની સ્થાપનાથી આરોગ્ય વિષયક સેવાઓ, યોજનાઓ અને કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા અને મૂલ્યાંકન એક જ સ્થળે શક્ય બનશે.

આરોગ્યસમીક્ષા કેન્દ્રથી જ PMJAY હેલ્પલાઇન નંબર કાર્યરત થશે. આરોગ્યલક્ષી કાર્યક્રમોની સમીક્ષા કરવા સંકલિત ડિજિટલ ડેટાબેઝ અને ડેશબોર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## રેલવે ભાડામાં વધારો:

રેલવે મંત્રાલયે પ્રવાસી રેલવે સેવા ભાડામાં આજથી ફેરફાર લાગૂ કર્યા છે. નૉન-એસી મૅલ અને ઍક્સપ્રેસ રેલગાડીઓના ભાડામાં સામાન્ય વધારો કરાયો છે. પ્રતિ કિલોમીટર એક પૈસા અને પહેલી શ્રેણીમાં બે પૈસા પ્રતિ કિલોમીટર ભાડું વધારવામાં આવ્યું છે. રાજધાની, શતાબ્દી, દુરન્તો, વંદે ભારત અને તેજસ જેવી વિશેષ રેલ સેવાઓ પર પણ ભાડામાં ફેરફાર લાગુ થશે. જ્યારે દ્વિતીય શ્રેણીમાં 500 કિલોમીટર સુધીના પ્રવાસ માટે ભાડામાં કોઈ વધારો કરાયો નથી. મંત્રાલયે જણાવ્યું છે કે, આજથી પહેલા બુક કરાયેલી ટિકિટો પર ભાડામાં વધારો લાગુ થશે નહીં.

-----------------------------------------------------------------------------------

## ભચાઉ દુર્ઘટના:

ભચાઉ રેલવે સ્ટેશન નજીક ગઈકાલે રાત્રે થયેલ દુર્ઘટનામાં કચ્છ એક્સપ્રેસ ટ્રેનની હડફેટે એક અજાણ્યા યુવકનું મૃત્યુ થયું છે. 30થી 35 વર્ષ વચ્ચેની વયના આ હતભાગી યુવકના મૃતદેહને ભચાઉ સહયોગ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. પોલીસે મૃતકની ઓળખ માટે સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા માહિતી પ્રસારિત કરી છે.

એક અન્ય ઘટનામાં, ભુજના નાડાપા વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં રમતાં મધ્યપ્રદેશના શ્રમજીવી પરિવારના બે બાળકો પર દીવાલ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં છ વર્ષીય બાળકનું મૃત્યુ થયું છે. જયારે, તેનો પાંચ વર્ષીય ભાઈ ઘાયલ થયો છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------------------

## પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી:

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ભુજમાં ઓટોમેડેટ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર સમારકામની કામગીરી ચાલુ હોવાથી આવતીકાલે ટુ વ્હીલર અને ફોર વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ રહેશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## જવાહર નવોદય વિધાલય:

જવાહર નવોદય વિદ્યાલય ડુમરામાં વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે પ્રવેશ પ્રક્રીયાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ થઇ છે. તેની વેબસાઈટ cbseitms.rcil.gov.in પર ૨૯ જુલાઇ સુધી આ ફોર્મ ભરી શકાશે તેમ જવાહર નવોદય વિદ્યાલય ડુમરાના આચાર્યની અખબાર યાદીમાં જણાવાયું છે.

---

## જીલ્લામાં નદી નાળામાં નવા નીરની આવક:

**જીલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે મોટાભાગના નદીનાળામાં નવા નીરની આવક થઈ છે. ઉપરવાસમાં વરસાદથી કડિયા ધ્રો અને પાલર ધુના સહિતના ધોધ જીવંત બની ઊઠ્યા છે.**

**કચ્છમાં સારા ચોમાસામાં કડિયા ધ્રો, પાલારધૂના, ધિણોધર, નનામો, છપ્પરીયા રખાલ, વગેરે જેવા પ્રાકૃતિક સ્થળોએ લોકો મુલાકાતે જાય છે. જો કે લોકો કોઈપણ પ્રકારનું જોખમ લેવાનું ટાળે અને સલામતીને અગ્રતા આપે તે માટે તળાવો અને નહેરોના વહેતા પાણીથી દૂર રહેવા સ્થાનિક વહીવટી તંત્રે અપીલ કરી છે.**

---

## પસ્તીગ્રુપ દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ:

**ભુજના પસ્તી ગ્રુપ દ્વારા ટાઉનહોલ ખાતે બાળકોને શૈક્ષણિક કિટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. છેલ્લા 13 વર્ષથી ભુજ શહેરમાંથી પસ્તી એકત્રિત કરી તેના વેચાણમાંથી શૈક્ષણિક કિટ બનાવતા પસ્તી ગ્રુપ દ્વારા આ વર્ષે 1100 જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં નોટબુક, બોલપેન, ફૂટપટ્ટી જેવી શૈક્ષણિક સામગ્રી બાળકોને આપવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ 19,000 વિદ્યાર્થીઓને આ કિટનો લાભ મળ્યો છે તેવી જાણકારી સંસ્થા દ્વારા આપવામાં આવી હતી.**

---

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ:

નેશનલ આયુષ મિશન અંતર્ગત સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આવતીકાલે મધુમેહ નિદાન-સારવાર-સલાહ કેમ્પ, વરિષ્ઠ નાગરિક સંભાળ કેમ્પ તથા હરસ-મસા-ભંગદર નિદાન સારવાર કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં ડાયાબીટીસની નિ:શુલ્ક આયુર્વેદિક/હોમિયોપેથિક ઔષધીય તથા યોગ દ્વારા સારવાર તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત, બ્લડ સુગર ચેકઅપ તથા હરસ-મસા-ભગંદરની ઔષધીય સારવાર આપવામાં આવશે. તથા ૬૦ વર્ષથી ઉપરના દર્દીઓને ખાસ પ્રકારની સ્વાસ્થ્ય તથા શક્તિવર્ધક ઔષધીય સારવાર આપવામાં આવશે તેમ સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## સફાઈ કામદાર નિગમની યોજનાઓ:

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ હસ્તકની સીધી ધિરાણ લોન યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. નિગમની વિવિધ યોજનાઓ જેવી કે, મહિલા સમૃધ્ધિ યોજના, માઇક્રો ક્રેડિટ ફાયનાન્સ યોજના, વ્યક્તિગત લોન યોજના, પેસેન્જર ઓટોરીક્ષા, જનરલ ટર્મ લોન યોજના, વ્હીકલ લોન યોજના, વગેરે માટે આગામી ૨૬ જુલાઈ સુધી ઓનલાઇન

અરજી કરી શકાશે. અરજી કરવા માટે તેમજ વિશેષ માહિતી માટે નિગમની વેબ સાઇટ esamajkalyan.gujarat.gov.in નીં મુલાકાત લેવા જણાવાયું છે.

---